તા. ૧૨-૪-૨૦૧૬, મંગળવાર 

ગાંધીનગર સમાચાર

# અપક્ષ ઉમેદવારોને જંગમાંથી ખસેડવા શામ, દામ, દંડ ભેદ

## મહાસંગ્રામના બંને પક્ષોએ અપક્ષો અને અન્ય પક્ષોના ઉમેદવારોને ચૂંટણીમાંથી ખસેડવા વગ, લાલચ અને ધમકીઓનો ભરપુર માત્રામાં પ્રયોગ કરી રહ્યા છે

**મહાનગરનો મહાસંગ્રામ**

**- સંજય દૃષ્ટિ**

બંને પક્ષોમાં નારાજ કાર્યકરોને મનાવવા શહેર જિલ્લાના અગ્રણીઓ ઉપરાંત પ્રદેશ અગ્રણીઓને ઉતારવા પડ્યા છે. હજુ પણ નારાજગીનું પ્રમાણ ઘટતુ નથી.

આવતીકાલે ઉમેદવારી પત્ર પાછુ ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી સમગ્ર ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બની જશે. શનિ-રવિની બંને રજાઓમાં અપક્ષ અને અન્ય પક્ષોના નુકશાન કરી શકે એવા ઉમેદવારોને બેસાડવાના પ્રયાસો બંને મુખ્ય સ્પર્ધક પક્ષો દ્વારા કરાઈ રહ્યા છે. કોંગ્રેસ અને ભાજપ બંને પક્ષોના અગ્રણીઓ અપક્ષોને બેસાડવામાં વ્યસ્ત રહ્યા છે. હજુ પણ છેલ્લી ઘડીના પ્રયાસો મોડી રાત સુધી ચાલશે એમ ચર્ચાય છે. લોક વિકાસ મંચના ઉમેદવારો અંગે પણ બંને પક્ષોમાં ચર્ચા ચાલે છે. લોકવિકાસ મંચના પાંચેક ઉમેદવારો સ્પર્ધામાં રહે એમ પ્રાથમિક રીતે વર્તાઈ રહ્યું છે, તો અન્ય દસેક ઉમેદવારો હારજીતના નિમિત્ત બને એમ છુટથી ચર્ચાય છે. જો કે ડી.ટી. પટેલના નેતૃત્વમાં લડી રહેલા લોક વિકાસ મંચના ઉમેદવારો લડાયક મિજાજમાં છે. ચોક્કસ સંકલ્પ સાથે ચૂંટણીના મેદાનમાં ઉતરેલા ઉમેદવારો સામાજિક વગ ધરાવે છે.

રવિવારનો દિવસ બંને પક્ષો માટે ડેમેજ કંટ્રોલનો રહ્યો. કોંગ્રેસમાં પણ નારાજગી કેટલાક વોર્ડમાં દેખાઈ આવે છે. ખાસ કરીને વોર્ડ નં. ૧, વોર્ડ નં. ૪, ૫ અને વોર્ડ નં. ૬માં ડેમેજ કંટ્રોલ કરવા અગ્રણીઓ પરસેવો પાડી રહ્યા છે. પ્રદેશ મહામંત્રી નિશિથભાઈ વ્યાસ, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ, જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી સહિતના આગેવાનો વ્યસ્ત છે. રવિવારની સાંજે ૧૭/૨૨ વિસ્તારમાં કોંગ્રેસના નારાજ અગ્રણીઓની બેઠક પણ યોજાઈ હતી. જોકે કોઈ નિર્ણય લેવાયો ન હતો પરંતુ નારાજગી વ્યક્ત કરવા પ્રદેશ કક્ષાએ સ્પષ્ટ રજુઆતો કરવાનો મત વ્યક્ત કરાયો હતો.

બીજી તરફ ભારતીય જનતા પાર્ટીમાં નારાજગીનું પ્રમાણ કોંગ્રેસ કરતા વધુ માત્રામાં હોવાનું ચર્ચાય છે. નારાજ જુથના એક અગ્રણીએ ટિકિટો મામલે આક્ષેપ કર્યો હતો કે ભાજપમાં અપાયેલી ૩૨ ટિકિટોમાંથી પક્ષના પ્રાથમિક સભ્ય પણ ન હોય એવા ૧૮ને ટિકિટ અપાઈ છે. આ ઉપરાંત ત્રણ ટિકિટમાં નાણાંકીય લેવડદેવડનો આક્ષેપ કરાયો છે. સેક્ટર-૨૮માંથી એક પણ ઉમેદવાર પસંદ નથી કરાયો એનો આક્રોશ પણ નારાજ જુથ વ્યક્ત કરી રહ્યો છે. વોર્ડ નં. ૬માં બ્રાહ્મણ મતદારોની સંખ્યા સૌથી વધુ હોવા છતાં નોંધ લેવાઈ નથી. વોર્ડ નં. ૭ અને વોર્ડ નં. ૧માં નારાજગીનું પ્રમાણ વધુ દેખાય છે. રવિવારનો આખો દિવસ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રીમતી રમીલાબેન બારા, ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ અને શહેર પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ દાસે નારાજ થયેલા કાર્યકરોને સમજાવવાના ભરપુર પ્રયાસો કર્યા હતા. કેટલાક વોર્ડમાં સફળતા પણ મળી છે. જ્યારે કેટલાક વોર્ડમાં થોભો અને રાહ જુઓની વાત ચાલી રહી છે. આમ છતાં નેતૃત્વ એમ માને છે એક વખત આક્રોશ વ્યક્ત થઈ જશે પછી ઘીના ઠામમાં ઘી થઈ જશે.

આમ બંને પક્ષોમાં ડેમેજ કંટ્રોલની કવાયત ચાલી રહી છે. સોમવારે સવારથી જ મુખ્ય પક્ષોના ઉમેદવારો સમુહમાં દેવદર્શને ગયા હતા. પંચદેવ મંદિર, ગાયત્રી મંદિર અને સ્વામીનારાયણ મંદિરે ખેસ ધારણ કરેલા ઉમેદવારો મોટી સંખ્યામાં નજરે પડતા હતા. દેવદર્શન બાદ સેક્ટરના અને વોર્ડના બીન રાજકીય આગેવાનોને મળવાનુ અભિયાન હાથ ધરાયુ છે તો કેટલાક વોર્ડમાં ડોર ટુ ડોર સંપર્ક પણ આરંભાઈ ગયો છે. જો કે રાત્રે ચોકઠા બેઠકો અને ગલ્લા બેઠકો ઠેર ઠેર જોવા મળે છે. ખાસ કરીને સેક્ટર-૨૭, સેક્ટર-૨૨, સેક્ટર-૭ અને સેક્ટર-૩માં શનિ-રવિની રાત્રીએ મોટી માત્રામાં કાર્યકરોના ટોળા એકત્ર થયા હતા અને ઉગ્ર ચર્ચા કરતા નજરે પડતા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સરકારે વિચારવું જોઈએ... ખાલી જ્વેલરનું નુકસાન તો છે જ સાથે... આપણાં જ્વેલરી શોપ લૂંટવી - ચેઇન સ્નેચીંગ - ગોલ્ડ સ્મગ્લીંગનું નુકસાન ગણીએ તો... અર્થતંત્ર હલી જશે...!!!**

## કેરળ દુર્ઘટનાના મૃતકોને ભાજપે શ્રદ્ધાંજલિ આપી

અમદાવાદ, તા.૧૧

ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું છે કે, રવિવારે વહેલી પરોઢે કેરલ રાજયના કોલ્લમ જીલ્લાના પ્રાચીન દેવીમંદિર ખાતે થયેલી દુર્ઘટનામાં ૧૦૦થી વધુ લોકોએ જાન ગુમાવ્યા છે, હજારો ઘાયલ થયા છે.આ દર્દનાક ઘટનામાં દિવંગત શ્રદ્ધાળુઓ અને ઈજાગ્રસ્તો પ્રત્યે અને તેમના પરિવાજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરવા પ્રદેશ ભાજપા તરફથી રાજયના તમામ જીલ્લા મથકો અને શહેરના મુખ્ય સ્થાનો પર પ્રાર્થનાસભા અને શ્રધ્ધાંજલીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## શહેરના ડાયાબિટીસના દર્દીઓને રાહત દરે ગ્લુકોમીટર મળશે

### સિવિલમાં ટુંક સમયમાં વેચાણ કરવામાં આવશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં ડાયાબિટીસના દર્દથી પિડાતા દર્દીઓને ગાંધીનગર સિવિલમાંથી ટુંક સમયમાં ગ્લુકોમીટર રાહતદરે આપવામાં આવશે. બજારમાં મળતા ગ્લુકોમીટરથી ઓછા ભાવે ગ્લુકોમીટર મળવાનું હોવાથી દર્દીઓ સિવિલ ખાતે પુછપરછ કરી રહ્યા છે. ત્યારે દર્દીઓને ડાયાબિટીસ ચેક કરાવવા માટે સિવિલ નહી આવવુ પડે અને ઘરે બેઠા પોતાનું ડાયાબિટીસ ચેક કરી શકશે.

ગુજરાત રાજયના આરોગ્ય વિભાગ દ્વારા રાજયના છેવાડાના માનવીને પણ આરોગ્યની સેવાઓ પ્રાપ્ત થાય તે અંગે સતત પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે અત્યારે હાલના સમયે બદલાતી જીવનશૈલીને કારણે ડાયાબિટીસ ચિંતાજનક રીતે વધી રહ્યો છે સરકારના આરોગ્ય વિભાગમાંથી હોસ્પિટલમાં ડાયાબિટીસના દર્દીઓને રાહતદરે ગ્લુકોમીટર મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરાયા છે. સરકારી હોસ્પિટલમાં નોંધાયા બાદ આરોગ્ય વિભાગના તંત્ર તરફથી ગ્લુકોમીટરનો જથ્થો ફાળવવામાં આવશે ત્યારબાદ દર્દીને સિવિલમાંથી ઉપલ્બધ થઈ શકશે. ગાંધીનગર સિવિલમાં ડાયાબિટીસથી પિડાતા દર્દીઓ આ અંગે પુછપરછ કરી રહ્યા છે કે ક્યારે ગ્લુકોમીટર મળશે. ટુંક સમયમાં દર્દીઓને ગ્લુકોમીટર અંદાજીત માત્ર રૂ.૮૦૦ અને એક સ્ટ્રીપ રૂ.૧૦ ના હિસાબે મળશે. સિવિલના અંતરંગ સુત્રોમાંથી મળતી વિગત પ્રમાણે ટુંક સમયમાં આ ડાયાબિટીસના મીટર હોસ્પિટલના સ્ટોરમાંથી મળશે. તેમજ આ ગ્લુકોમીટરના કારણે સિવિલમાં ડાયાબિટીસ ટેસ્ટ માટે આવતા દર્દીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થશે. ગાંધીનગરમાં ડાયાબિટીસના દર્દથી પિડાતા દર્દીઓ હવે ઓછા ખર્ચે પોતાના ઘરે જ બેઠા બેઠા ડાયાબિટીસ ચેક કરી શકશે.

## ચિલોડા-દહેગામ માર્ગ પર રીક્ષા પલટી ખાતા ૭ ને ઈજા

ગાંધીનગર, તા.૧૧

ચિલોડા થી દહેગામ માર્ગ પર આવેલ કેશવ હોટલની સામે પસાર થઈ રહેલી રીક્ષાની વચ્ચે અચાનક ગાય આવી જતા રીક્ષા ચાલકે કાબુ ગુમાવતા રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. હરખજીના મુવાડા ગામનો રાવળ પરિવાર ઉવારસદથી લોકાચાર પતાવીને પરત ઘરે જઈ રહ્યો હતો ત્યારે આ અકસ્માત બન્યો હતો. રીક્ષા પલટી ખાઈ જતા રીક્ષામાં સવાર ૭ મુસાફરોને ઈજા પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યા હતા. જેમાંથી ત્રણ ઈજાગ્રસ્તોને વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયા હતા.

દહેગામ તાલુકાના હરખજીના મુવાડા ગામનો રાવળ પરિવારના સભ્યો સવારે ઘરેથી નીકળીને ગાંધીનગર પાસે આવેલા ઉવારસદ ગામે લોકાચાર માટે આવ્યા હતા. ઉવારસદથી લૌકિકક્રિયા પતાવીને બપોરના સુમારે રાવળ પરિવાર ઘરે પરત જઈ રહ્યો હતો. તે દરમિયાન ચિલોડાથી દહેગામ માર્ગ પર આવેલ કેશવ હોટલ ની સામે અચાનક ગાય રીક્ષાની આડે આવી જતા રીક્ષા ચાલકે કાબુ ગુમાવતા રીક્ષા પલટી ખાઈ ગઈ હતી. રીક્ષા પલટતા હોહા મચી જવા પામી હતી. માર્ગની વચ્ચે રીક્ષા પલટતા માર્ગ પર પસાર થઈ રહેલા વાહન ચાલકો આવી પહોંચ્યા હતા. રીક્ષામાં સવાર ઘાયલોને તાત્કાલીક સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. દહેગામ માર્ગ રીક્ષા પલટી જતા થોડીવાર માટે ટ્રાફીકજામ થઈ ગયો હતો.રાવળ પરિવારના અકસ્માતની જાણ ગામ તેમજ ઉવારસદ ખાતે થતા પરિવારના સભ્યો અને સગાઓ સિવિલ ખાતે આવી પહોંચ્યા હતા.

## પીવાના પાણીના તંગીવાળા જિલ્લામાં કન્ટ્રોલ રૂમ હશે

રાજયમાં જરૂરિયાતવાળા અછતગ્રસ્ત જિલ્લાઓમાં પુરતા પ્રમાણમાં પીવાનું પાણી પુરૂ પાડવા રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. જરૂરિયાતવાળા વિસ્તારોમાં પાણીની તંગી અંગેની વિગતો જે તે દિવસે સંબંધિત ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચાડવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. પાણીની તંગીવાળા જિલ્લાઓમાં જિલ્લા મથકે સવારના ૮.૦૦થી રાત્રીના ૮.૦૦ સુધી કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યા છે. પાણીની તંગીવાળા જિલ્લાઓમાં જિલ્લા મથકે સવારના ૮.૦૦થી રાત્રીના ૮.૦૦ સુધી શરૂ કરાયા છે. જેનો નંબર ૦૭૯-૨૩૨૨૦૮૫૯ છે, તેમ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. વધુમાં મંત્રીએ ઉમેર્યું હતું કે, આગામી સમયમાં અછતના મોનીટરીંગ માટે અમે અછત મોનીટરીંગ સેલ ઉભો કરવામાં આવશે, જે માટેનો નંબર ૦૭૯-૨૩૨૫૧૯૦૮ રહેશે.

## ખૂણે ખાંચરેથી...

● મનપાની ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ હવે સોશ્યલ મિડિયાનો સહારો લીધો છે અને ફેસબુક પર તેમની પેનલના નામો મુકી મતદારોને મત આપવા અપીલ કરી છે.

● આજે મનપાની ચૂંટણી માટે સંવેદનશીલ મતદાન મથકો માટે બેઠક મળી હતી.

● આજે રાજ્યના મુખ્ય સચિવશ્રીએ પણ આધાર કાર્ડ સહિતના ૮ મુદ્દાઓ પર જિલ્લા તંત્ર સાથે વિડીયો કોન્ફરન્સ કરી સમીક્ષા કરી હતી.

● વોર્ડ નં. ૧ થી ૪માં ૨૫ અને વોર્ડ નં. ૫ થી ૮માં ૨૬ ઉમેદવારી પત્રો રદ થયા હતા.

● મનપાની ચૂંટણીના ઉમેદવારો છેલ્લા બે દિવસથી ધાર્મિક સ્થળો પર સવાર-સાંજ જોવા મળી રહ્યા છે.

● કલેક્ટર કેરીના કૂલરો બંધ હાલતમાં હોવાથી ઠંડા પાણીની અછત કલેક્ટર કચેરીમાં ઉભી થવા પામી છે.

# આંખમાં મરચાની ભુકી નાંખીને નભોઈ પાસે થયેલ ધાડનો ભેદ ઉકેલાયો

## અઢી માસ પહેલા સે-૨૧ના વેપારીને માર મારીને ૯ લાખ રોકડા તથા દાગીના મળી રૂ. ૧૨.૧૩ લાખ લુંટી લીધા હતા : સોનાનો ભાગ પાડવામાં ગેંગના સભ્યો વચ્ચે રકઝક ચાલતી હતી ત્યારે એલસીબીની ટીમે દહેગામથી સાત શખ્સોને પકડી પાડયા : એક શખ્સ વોન્ટેડ : રૂ. ૪.૭૦ લાખ રોકડા તથા સોનું મળી રૂ. ૭.૮૬ લાખનો મુદ્દામાલ રીકવર

ગાંધીનગર, તા.૧૧

અઢી માસ પહેલા સેક્ટર-૨૧માંથી દાગીના ઘડામણના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા ત્યારે નભોઈ નજીક બે બાઈક પર આવેલા ધાડપાડુઓએ વેપારીના આંખમાં મરચુ નાંખીને મારઝુડ કરી રોકડ રૂ. ૯ લાખ તથા દાગીના મળી રૂ. ૧૨.૧૩ લાખની લુંટ કરી ધાડપાડુ શખ્સો ફરાર થઈ ગયા હતા. ગાંધીનગર એલસીબીની ટીમે આ ગુનામાં સંડોવાયેલા સાત શખ્સોની આજે ધરપકડ કરી લઈ ધાડનો ગુનો ડીટેકટ કરવામાં સફળતા મેળવી છે. રોકડ તથા દાગીના મળીને ૨. ૭.૮૬ લાખનો લુંટમાં ગયેલો મુદ્દામાલ પણ રીકવર કરવામાં આવ્યો છે.

જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર એલસીબીની ટીમે અનડીટેકટ ગુનાઓ ઉકેલવા બાતમીદારો સક્રિય કર્યા છે. એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ વી.યુ ગડરીયા તથા હે. કોન્સ્ટેબલ દિલીપસિંહ કે. રાઠોડને ચોકકસ બાતમી મળી હતી કે દહેગામ ગુર્જર સિનેમા સામે બગીચામાં સાતેક શખ્સો સોનું અને રૂપિયાની લેવડ દેવડ માટે ભેગા થયા છે અને રકઝક ચાલી રહી છે. એલસીબીથી તાત્કાલિક આખી ટીમ દહેગામ પહોંચી ગઈ હતી અને કોર્ડન કરીને સાત શખ્સોને પકડી પાડયા હતા. જેમાં દહેગામના પરષોત્તમ ઉર્ફે પશો દેવા બારોટ, જીગર ઉર્ફે જીગો લક્ષ્મણ રાઠોડ, રવિ રાજુ સિંધી, અમીન ઉર્ફે બંટી દિનેશ રાઠોડ, કુલદીપ ઉર્ફે સાવન અનિરૂધ્ધ ઝાલા, ઈસનપુર મોટાના ચિરાગ ઉર્ફે પાંચો પુરુષોત્તમ રાઠોડ અને પેથાપુરના રાકેશ મગન શાહનો સમાવેશ થાય છે.

સાતેય પકડાયેલા શખ્સોની વારાફરતી પુછપરછ કરી અંગ જડતી કરતા તેમની પાસેથી રૂ. ૪.૭૦ લાખ તથા સોનાના ટુકડા અને એક સોનાનું બિસ્કીટ મળી કુલ રૂ. ૭.૮૬ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ મુદ્દામાલ કબ્જે કરી આ મુદ્દામાલ કયાંથી આવ્યો તેની પુછપરછ કરતા સંતોષકારક જવાબ મળ્યો ન હતો. સાતેયને એલસીબી ખાતે લાવીને ઊંડાણપૂર્વક ઈન્ટ્રોગેશન કરતા ચોંકાવનારી હકીકત બહાર આવી હતી. ૨૫ જાન્યુઆરીએ નભોઈ પાસે થયેલી ધાડ આ ટોળકીએ કરી હોવાની અને તેમાં લુંટાયેલો આ માલ હોવાનું તપાસમાં ખુલ્યું હતું. અઢી માસ પહેલા રખીયાલના પાટના કુવા વિસ્તારના અજીતસિંહ નામના શખ્સ સાથે મળીને તેમણે આ પ્લાન બનાવ્યો હોવાનું અને વેપારીની માહિતી આપવાનું કામ રાકેશ શાહે કર્યું હોવાનું ખુલ્યું છે. રૂ. ૭.૮૬ લાખના મુદ્દામાલની રીકવરી કરીને એલસીબીની ટીમે સાતેય પકડાયેલા આરોપીઓને ઈન્ફોસીટી પોલીસને હવાલે કર્યા છે. ફરાર અજીતસિંહને પકડી પાડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.



## વેપારીની માહિતી બાજુની દુકાનમાં નોકરી કરતા યુવાને આપી હતી

સેકટર-૨૧ ખાતે દુકાનમાં દાગીના ઘડાઈ કરવાનું કામ કરતા વેપારી તાનાજી કોલેકર તેમના ભત્રીજા સાથે રોજ સાંજે દાગીના તથા જંગી રોકડ રકમ લઈને એકટીવા પર નીકળી અમદાવાદ જાય છે તેવી માહિતી લૂંટારૂઓને વેપારીની બાજુની જવેલર્સની દુકાનમાં કામ કરતા રાકેશ શાહે મુખ્ય પ્લાનર અજીતસિંહને આપી હતી. જે આધારે ધાડના ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો.

## એલસીબીની ટીમનું એસ.પી. સન્માન કરશે

ચકચારી ધાડ ડીટેકટર કરનાર એલસીબીની ટીમનું સન્માન કરવામાં આવશે તેમાં પણ ખાસ કરીને હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહ કે. રાઠોડનો આ ગુનાના ડીટેકશનમાં સિંહ ફાળો હોવાથી સન્માનીત કરવામાં આવશે તેમ એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું છે.

## એક શખ્સને તો ખબર પણ ન હતી કે ધાડ પાડવા નીકળ્યા છીએ...!

ગેંગ તે દિવસે ધાડ પાડવા નીકળી ત્યારે બે સાગરીતો ખુટયા હતા. દરમિયાન સાવન નામના શખ્સને તેનો આ ગેંગનો સાગરીત મિત્ર બાઈક પર લેવા આવ્યો અને કહ્યું કે ચાલ ગાંધીનગર જઈને આવીએ, બાઈક પાછળ બેસી જા..! તે બેસી ગયો અને પછી ધાડ પડી એટલે ગુનો કરવા ગેંગ નીકળી હોવાની ખબર પડી હતી તેવું સાવને નિવેદન આપ્યું છે...!

## ચોથા પ્રયત્ને ધાડપાડુઓ સફળ થયા

### તે દિવસે પ્લાન ઘડનાર જ ગેરહાજર હતો પણ તક સારી હતી એટલે ગુનાને અંજામ આપી દવાયો

રાકેશ શાહે માહિતી આપ્યા બાદ અજીતસિંહ તથા આ ગેંગે રેકી શરૂ કરી દીધી હતી. પહેલીવાર ગુનો બન્યાના પખવાડીયા પહેલા વેપારીનો પીછો કરવા ગેંગ પહોંચી હતી પરંતુ વેપારી તે દિવસે વહેલા નીકળી ગયા હોવાથી પ્લાન સફળ ન રહ્યો. બીજી વખત અને ત્રીજી વખત વેપારીનો પીછો પણ કર્યો પરંતુ આગળ જતા વેપારીએ રસ્તો બદલી દેતા ત્રણેયવાર લુંટ કરવામાં ગેંગ નિષ્ફળ રહી. ૨૫ જાન્યુઆરીએ સાંજે ગેંગ પહોંચી ગઈ હતી પરંતુ તે દિવસે અજીતસિંહ આવ્યો ન હતો તે ઉપરાંત ચિરાગ ઉર્ફે પાંચુ પણ તેના માતા બિમાર હોવાથી આવી શકયો નહતો. બે વ્યકિત ગેરહાજર હોવાથી ગેંગના કેટલાક શખ્સો લુંટ ન કરવા કહેતા હતા તો કેટલાક મકકમ હતા. આખરે છેલ્લી ઘડીએ સાવન નામના મિત્રને બાઈક પાછળ બેસાડી દીધો અને વેપારીનો પીછો કરી મોકો મળતા જ આંખમાં મરચુ નાંખીને લુંટી લીધા હતા.

પકડાયેલા આરોપીઓ પૈકી કુલદીપ ચાની કિટલી ધરાવે છે. પરષોત્તમ ઉર્ફે પશો હેર કટીંગની દુકાન ધરાવે છે. રવિ સીંધીને કરિયાણાની દુકાન છે જયારે અન્ય શખ્સો કોઈ કામધંધો કરતા ન હોવાનું જાણવા મળ્યું છે. એક શખ્સે ગર્લફ્રેન્ડ પાછળ રૂપિયા વાપરવા જયારે અન્ય શખ્સોએ પોતાના દેવા ભરપાઈ કરવા માટે ધાડ પાડી હોવાનું બહાર આવ્યું છે. આ ગુનામાં વપરાયેલા બે બાઈકો પણ કબ્જે કરવામાં આવ્યા છે.